**(1) 'Stranded in India' પોર્ટલ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ પોર્ટલ પર્યટન મંત્રાલયના સહયોગથી લોન્ચ કરવામાં આવ્યું છે.

(2) આ પોર્ટલ ભારતમાં ફસાયેલા વિદેશીઓની સહાય માટે લોન્ચ કરવામાં આવ્યું છે.

(A) માત્ર (1)

(B) માત્ર (2)

(C) (1) અને (2) બન્ને

(D) આપેલ પૈકી એકપણ નહીં

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ ભારતના વિવિધ ભાગોમાં કોરોના વાયરસની મહામારી દરમિયાન ફસાયેલા વિદેશી લોકોની મદદ કરવાના હેતુથી પર્યટન મંત્રાલય દ્વારા તાજેતરમાં 'Stranded in India' પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. (આથી, બન્ને વિધાન સાચાં છે.)

⇛ આ પોર્ટલમાં વિદેશી યાત્રિકોને કઈ–કઈ સુવિધાઓ મળી શકે તેમ છે તેના વિશેની માહિતી આપવામાં આવી છે.

⇛ ઉપરાંત તેમાં વિદેશી યાત્રિકો માટે હેલ્પલાઈન નંબર, વિદેશ કાર્ય મંત્રાલયના કંટ્રોલ સેન્ટર તથા તેમને સંપર્ક કરવા માટેની માહિતી વગેરે જેવી માહિતી પણ આપવામાં આવી છે.

⇛ પોર્ટલની લિંક :– http://strandedinindia.com/

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) 1930ના દશકની વૈશ્વિક મહામંદી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ મહામંદી સૌપ્રથમ યુરોપમાં જોવા મળી હતી અને ત્યારબાદ તે વિશ્વમાં પ્રસરી હતી.

(2) આ દરમિયાન બ્રિટીશરોએ ભારતીય રૂપિયાનું અવમૂલ્યન કર્યું હતું.

(A) માત્ર (1)

(B) માત્ર (2)

(C) (1) અને (2) બન્ને

(D) આપેલ પૈકી એક પણ નહીં

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ કોરોના વાયરસના કારણે વૈશ્વિક અર્થતંત્ર મંદી તરફ ધસી રહ્યું છે. આ દરમિયાન કેટલાંક અર્થશાસ્ત્રીઓ આ મંદીને 1930ના દશકની મહામંદી સાથે સરખાવી રહ્યાં છે.

⇛ કેટલાંક અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે, આ દરમિયાન બેરોજગારીનો દર 1930ની મહામંદી દરમિયાન જોવા મળેલા બેરોજગારીના દર જેટલો રહેશે.

⇛ 1930ના દશકની મહામંદીની શરૂઆત વર્ષ 1929માં યુ.એસ.એથી થઈ હતી અને વર્ષ 1939 સુધી તેની વૈશ્વિક અસર જોવા મળી હતી. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ ભારતમાં તે દરમિયાન કૃષિ પેદાશોના ભાવમાં ધરખમ ઘટાડો થયો હતો. કૃષિ પેદાશો ભારતના અર્થતંત્ર માટે મુખ્ય હતી. રૂપિયાનું અવમૂલ્યન કરવામાં આવે તો આ મંદીની અસરને ભારતમાં ઘટાડી શકાય તેમ હતી.

⇛ પરંતુ, બ્રિટીશ શાસને રૂપિયાનું અવમૂલ્યન કર્યું ન હતું. (આથી, વિધાન (2) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) 'હાઈડ્રોક્સિ-ક્લોરોક્વિન' (Hydroxychloroquine) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) ભારતે આ દવાની નિકાસ પર માર્ચ મહિનાથી પ્રતિબંધ લગાડેલો છે.

(2) તે મેલેરિયાની સારવાર માટે વપરાતી એક દવા છે.

(3) યુ.એસ. દ્વારા કોરોના વાયરસના ઘણાં દર્દીઓને આ દવા આપવામાં આવી રહી છે.

(A) માત્ર (1) અને (2)  (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ 5 એપ્રિલના રોજ, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતના પ્રધાનમંત્રી પાસે 'હાઈડ્રોક્સિ–ક્લોરોક્વિન' નામની દવાની માંગ કરી હતી.

⇛ અમેરિકામાં અને ખાસ કરીને ન્યુયોર્કમાં કોરોના વાયરસના દર્દીઓની સારવાર માટે આ દવા એક અન્ય દવા સાથે આપવામાં આવી રહી છે. ઉપરાંત તે અસરકારક પણ પૂરવાર થઈ રહી છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ભારતે આ દવાની ઘરેલું માંગને સંતોષવા માટે માર્ચ મહિનાથી આ દવાની નિકાસ પર પ્રતિબંધ મુકેલો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ દવાનો ઉપયોગ મુખ્યત્વે મેલેરિયાની સારવાર માટે કરવામાં આવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ દવા દ્વારા ઊલટી થવી, માથું દુ:ખવું, સ્નાયુમાં નબળાઈ આવવી જેવી આડઅસર ઉદ્દભવી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ©

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(4) 'એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેન્ક' (AIIB) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) દરેક G-20 દેશો 'AIIB'ના સભ્યો છે.

(2) AIIBનું વડુંમથક ચીનના બિજીંગ શહેરમાં આવેલું છે.

(3) ચીન અને જાપાન બાદ શેરહોલ્ડરની દષ્ટિએ ભારતનો ક્રમ ત્રીજો આવે છે.

(4) તેની સ્થાપના વર્ષ 2010માં થઈ હતી.

(A) માત્ર (1) અને (3)  (B) માત્ર (2)

(C) માત્ર (3) અને (4)  (D) માત્ર (1) અને (2)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ભારત AIIB તથા ADB (એશિયન ડેવલપમેન્ટ બેંક) પાસેથી 6 બિલિયન ડોલરની લોન માંગણવાની ચર્ચા કરી રહ્યું છે આ લોનનો ઉપયોગ COVID-19 સમક્ષની લડાઈમાં કરવામાં આવશે.

⇛ AIIBની સ્થાના વર્ષ 2015માં થઈ હતી તથા વર્ષ 2016થી તે વેપાર માટે સંપૂર્ણ રીતે કાર્યશીલ થયું હતું. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ AIIBનું વડું મથક બિજીંગ (ચીન)માં આવેલું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ G-20ના કુલ 20 દેશો પૈકી માત્ર 14 દેશો જ AIIBના સભ્યો છે. (માર્ચ, 2020 મુજબ) (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ જે દેશો વર્લ્ડ બેંક અથવા ADBના સભ્યો હોય તે દેશો AIIBના સભ્ય બનવા માટેની લાયકાત ધરાવે છે.

⇛ શેરહોલ્ડરની દષ્ટિએ ભારત AIIBમાં બીજા સ્થાને છે. જ્યારે ચીન પ્રથમ સ્થાને છે. ઉપરાંત ભારત 'વોટીંગ રાઈટ્સ'ની દષ્ટિએ પણ 7.6% વોટ સાથે બીજા સ્થાને છે (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) DMF ફંડ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ ફંડનો ઉપયોગ કેવી રીતે કરવો તે નક્કી કરવાની સત્તા 'ડિસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ' પાસે હોય છે.

(2) આ ફંડની સ્થાપના ખાણ–કામ દ્વારા અસરગ્રસ્ત લોકોની મદદ કરવાના હેતુથી કરવામાં આવી હતી.

(3) આ ફંડનું કલેકશન રાજ્ય સ્તરે કરવામાં આવે છે.

(A) આપેલ પૈકી એકપણ નહીં (B) માત્ર (1)

(C) માત્ર (2) અને (3) (D) માત્ર (2)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ નાણામંત્રી દ્વારા કોરોના વાયરસ સમક્ષ લડવા માટે DMF (District Mineral Foundation) ફંડનો ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવી હતી.

⇛ આ ફંડની સ્થાપના વર્ષ 2015માં કરવામાં આવી હતી. જેનો મુખ્ય હેતુ ખાણ–કામ દ્વારા અસરગ્રસ્ત લોકોને વિવિધ સુવિધાઓ પૂરી પાડવાનો તથા તેને મદદ કરવાનો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ ફંડનું કલેકશન જિલ્લા સ્તરે કરવામાં આવે છે પરંતુ તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે નક્કી કરવાની સત્તા જે–તે રાજ્ય સરકારની હોય છે. (આથી, વિધાન (1) અને (3) ખોટાં છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT